RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૦૯ | અંક: ૧૦ | એપ્રિલ - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા

## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર

## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

**ભાગ-૧, ભાગ-૨**

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



### ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

એપ્રિલ -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૦૯ | અંક: ૧૦
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આપ સૌના સાથ અને સહકારથી ૐકાર સંપ્રદાય મેગેઝિન પરમ પૂજ્ય ગુરુજીના રચિત કરેલા મંત્રો અને સાધનાઓ ઘર ઘર સુધી પહોંચાડવાનું માધ્યમ બન્યું છે. આપ સૌ ભક્તજનોનો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ થાય અને આપના જીવનની ઈચ્છાઓ પરિપૂર્ણ થાય તે માટે પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય ગુરુજી સતત કાર્યરત રહે છે. તેઓશ્રીનું માનવું છે કે ભક્તોનું કલ્યાણ અને ભક્તોને ગુરુ દ્વારા ચીંધવામાં આવતો સાચો માર્ગ એ જ જીવનનું સત્ય છે.

આપ સૌ પણ મંત્રના મહાન યુગ સમાન પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી મંત્રો તેમજ ૐકાર ચાલીસા, ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસા, શ્રી નવદુર્ગા ચાલીસા અને શ્રીમદ્ ભાગવત્ ચાલીસા જેવી દિવ્ય રચનાઓ પરમ પૂજ્ય ગુરુજીના સારથી બની ઘર ઘર સુધી દુનિયામાં પહોંચાડશો એવી હું ભાવના રાખું છું.

આ સાથે અહીંયા હું પ.પૂ. ગુરુજી રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલરચના 'કાણું વ્હાણ' આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

## 'કાણું વ્હાણ'

**નાવડી ડૂબવાના એ એંધાણ છે, પાણીમાં થોડું વધુ ખેંચાણ છે ;**
**આજથી બળવાનો આખો બાગ છે, એની ક્યાં આ પંખીઓને જાણ છે ?**
**એકબીજાની કરો ચિંતા સતત, આ જગતનું એમાં બહુ કલ્યાણ છે ;**
**ચોતરફથી પ્રશ્ન એ પૂછાય છે, ચોતરફથી શેની આ બૂમરાણ છે ?**
**આપણે સામે કિનારે જઇ શકીશું ? આપણી પાસે તો કાણું વ્હાણ છે.**

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીના ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥

|| ૐ નમઃ ||

## મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
## પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના
# પરમ ગુરુભક્ત શ્રી ડૉ. હર્ષિલ શાહ






- શું આપને ઘુંટણમાં દુખાવાને કારણે ચાલવામાં મુશ્કેલી પડે છે ?
- શું આપને સાંધા બદલવાની સલાહ આપવામાં આવી છે?
- શું આપને સીડી ચડવામાં કે ઉતરવામાં તકલીફ પડે છે ?

**આવી સાંધાને લગતી કોઈપણ તકલીફ માટે ડૉ.હર્ષિલ શાહનો સંપર્ક કરો.**

ઓપરેશનની નવી ટેકનીક નવી ડિઝાઈનવાળા
હાઈ ફ્લેકશન સાંધા માટે સંપર્ક કરો.

ૐકાર સંપ્રદાયના ભક્તો માટે
સ્પેશીયલ આર્થિક સુવિધા આપવામાં આવશે.

## રેડીઅન્ટ ઓર્થોપેડિક હોસ્પિટલ

૨૦૬-૨૦૯, એચ. આર. એલાન્ઝા,
મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ

મોઃ +91 75677 24365 | 95585 45176



Advt.

# વૃદ્ધ ભિખારી

મારી ઉંમર એ વખતે પંદર વર્ષની આસપાસ હશે તે સમયની સત્યઘટના આપને કહી રહ્યો છું.

અમારા તૃપ્તિ સોસાયટીના ઘર પાસે એક વૃદ્ધ ભિખારી સવારના સાડાનવ વાગ્યાની આસપાસ રોજ ભીખ માંગવા માટે આવતો હતો. એ વૃદ્ધ ભિખારી એક ઉંમરલાયક વ્યક્તિ હતા. એમના મોઢા પર કરચલીઓ પડી ગઈ હતી, આંખ ઉપર એક જાડા કાચના ચશ્મા પહેરતા હતા, માથાના દરેક વાળ સફેદ થઈ ગયા હતા, ફાટેલો મેલો ઝભ્ભો અને ગંદી ધોતી પહેરીને એ ભીખ માંગવા આવતા. એક હાથમાં વર્ષો જૂની લાકડાની લાકડી હતી અને બીજા હાથ ઉપર એક ગંદો થેલો ભરાવેલો રહેતો હતો. ભીખમાં જે ખાવાની વસ્તુ એમને મળતી એ વસ્તુ તેઓ થેલામાં મુકતા હતા.

રોજ સવારે સાડાનવ વાગે અમારા ઘરના આંગણા પાસે આવી તેઓ બૂમ પાડતા હતાં. “દયા પ્રભુ કી, ધરમ કી જય હો... ખાવા માટે કશુંક આપો...”

હું મારી મમ્મીને બૂમ પાડીને એમને રોટલી આપવાનું કહેતો હતો. આ રીતે એ વૃદ્ધ ભિખારી વ્યક્તિનો નિત્યક્રમ સાડાનવ વાગે આવવાનો અને મારું મમ્મીને બૂમ પાડીને એને રોટલી આપવાનું કહેવાનું આવું લગભગ પંદર દિવસ સુધી સળંગ ચાલ્યુ હશે. એ સમયે મારા બાએ મને ટોકતા કહ્યું હતું.

“તું આ ભિખારીને રોજ રોટલી આપે છે એટલે એ પેંધો પડી ગયો છે. રોજ આવીને આપણા ઘર પાસે જ ભીખ માંગે છે. મહિના પહેલા આપણા ઘરમાં ચોરી થઈ હતી તેનું કારણ એ જ છે કે ચોર લોકો ભિખારીનો વેશ ધરીને આવે અને આપણા ઘરને બરાબર જોઈ લે અને પછી ઘરમાં ધાડ પાડે. માટે આ ભિખારીને રોટલી આપવાનું બંધ કરી દે.” મારા બાએ (હું મારા દાદીને બા કહેતો હતો) છણકો કરી મને કહ્યું હતું.

“બા, ચોરી તો મહિના પહેલા થઈ હતી અને આ બિચારા વૃદ્ધ કાકા તો દસ-પંદર દિવસથી રોટલી લેવા આવે છે. બિચારા લાકડીના ટેકે પરાણે તો ચાલી શકે છે. એ થોડા ચોરી કરવાના છે?” મેં મારા બા સામે જોઈ દલીલ કરી હતી.

મારી દલીલ બાને બહુ ગમી નહિ.

“તું બહુ દોઢડાહ્યો ના થા. આ બહારની દુનિયા કેટલી ખરાબ છે એની તને ખબર નથી. ઘોર કળિયુગ આવી ગયો છે. આમ દાનેશ્વરી બનીશ તો દુનિયા આખી તને લૂંટી જશે.” મારા બાએ મને દુનિયાદારીનો પાઠ શીખવાડતા કહ્યું હતું.

મારામાં નાનપણથી જ એક ગુણ છે. જે વાત હું પકડું પછી એ વાતને ક્યારયે છોડું નહિ. કદાચ બીજાની દૃષ્ટિએ તો આ અવગુણ હશે પરંતુ મારા માટે તો આ મારા સારા ગુણોમાંનો એક ગુણ સાબિત થયો છે.

“બા, આપણે એક રોટલી આપીએ તો એમાં આપણું શું લૂંટાઈ જવાનું છે? જેમ આપણને રોજ ભૂખ લાગે છે એમ એ વૃદ્ધ કાકાનો પણ ભૂખ લાગતી હશેને? જેમ આપણે રોજ જમીએ છીએ એમ એમને પણ ખાવા માટે કશુંક જોઈએને?” મેં મારા બાની દલીલ સામે દલીલ કરી હતી.

હું બાની સામે જોઈ રહ્યો હતો. મારી દલીલોથી મારા બાના મગજનો પારો ધીરે-ધીરે ઉપર જઈ રહ્યો હતો.

“આખી સોસાયટીમાં તારા સિવાય આ

ભિખારીને કોઈ કશું આપતું નથી. મફતમાં આપીને તારા જેવા લોકો આ લોકોને મહેનત કરતા અટકાવે છે. આ કાકા ભીખ માંગવા માટે જેટલી મહેનત કરે છે એટલી મહેનત કોઈ કામ કરવા માટે કરે તો ભીખ માંગવાની જરૂર જ ના રહે. પણ તારા જેવા મૂર્ખા જ્યાં હોય ત્યાં આ ભિખારી જેવા ધુતારા ભૂખે ના મરે.'' બાએ એમના ક્રોધ ઉપર કાબુ રાખી મારી સામે સજ્જડ ફટકારી હતી.

''બા, આ વૃદ્ધ કાકાની ઉંમર સીત્તેર વર્ષની આસપાસ હશે. આ ઉંમરે એ કામ કરવા ક્યાં જાય? અને આખી સોસાયટીમાં કોઈ ભીખ નથી આપતું માટે આપણે આપીને પુણ્ય કમાવું જોઈએ. તમે ગુરુજીનું પ્રવચન સાંભળવા જાઓ છો તો પ્રવચનમાં પણ એ ગરીબોને મદદ કરવી, સાધર્મિકોને મદદ કરવી એવું નથી સમજાવતા? તમે મંદિરે જાઓ છો તો પુણ્ય કમાવા માટે જાઓ છો. જ્યારે હું ભિખારીને ઘરેબેઠા રોટલી આપું છું તો હું પણ પુણ્ય કમાવા માટે જ આપું છું. આમાં આટલી બધી માથાકૂટ તમે કેમ કરો છો?'' મેં બાને સામો પ્રશ્ન પૂછ્યો હતો.

હવે બાનું મગજ ગુસ્સાથી ફાટુ ફાટુ થઈ રહ્યું હોય એવું એમની આંખોમાં દેખાઈ રહ્યું હતું પણ આજે એ મને સમજાવવાના મૂડમાં લાગતા હતાં એટલે એમણે એમના ક્રોધ ઉપર કાબૂ રાખ્યો હતો.

''જો સાધર્મિકોને મદદ કરવાનો મતલબ એટલે આપણે જે ધર્મ પાળીએ છીએ એ જ ધર્મના લોકોને મદદ કરવી. જ્યારે આ ભિખારીની જાતપાત કે ધર્મ વિશે આપણે કશું જાણતા નથી. માટે એને મદદ કરવી એ જરા પણ યોગ્ય નથી.'' બાએ મને સાધર્મિકની વ્યાખ્યા સમજાવતા કહ્યું હતું.

''બા, અમને તો સ્કૂલમાં એવું શીખવાડવામાં આવે છે કે દરેક માણસ એક સમાન છે અને આપણા ત્યાં તો આ એક કાકા જ ભિખારી તરીકે ભીખ માંગવા આવે છે. મેં તો આપણા ધર્મના કોઈ લોકોને ભીખ માંગતા જોયા નથી અને માંગતા હશે તો આપણા ત્યાં તો કોઈ એવું આવ્યું નથી. આ બિચારા એક કાકા રોજ સવારે આવે છે એ આપણે એમને એક જ રોટલી આપીએ છીએ. આ ભિખારી કાકાને બની શકેને કે ઈશ્વરે જ આપણા ત્યાં મોકલ્યા હોય અને ઈશ્વર આપણી પરીક્ષા લેતા હોય એવું પણ બનેને? વાત માત્ર ને માત્ર આટલી જ છે અને આમેય હું નાત-જાતમાં માનતો નથી. હું માણસાઈમાં માનું છું. અમારા ક્લાસ ટીચરે બોર્ડ ઉપર એવું સૂત્ર લખ્યું છે 'માણસ થઈ માણસને મદદ કરીએ તો જ મહાન થવાય' એ સૂત્ર મારા જીવનમાં અમલમાં મુકી આ કાકાને માત્ર એક રોટલી હું આપું છું અને એક રોટલીમાં આપણું કશું જતું નથી. પરંતુ મહાન થવાની તક આ કાકા આપણને રોજ સવારે આવીને ભીખ માંગીને આપે છે તો પછી આ સુવર્ણ તક આપણે કેમ ચૂકવી જોઈએ?'' મેં મારી સમજણ કરતા પણ થોડી વધારે દલીલ બા સાથે કરી હતી.

''અમે આ વાળ તડકામાં ઊભા રહીને સફેદ નથી કર્યા. તું પંદર વર્ષનો થઈ સાંઈઠ વર્ષના તારા બાને ઉપદેશ આપી રહ્યો છે. દરેક જગ્યાએ પ્રવચનમાં સાંભળેલું કે પુસ્તકમાં વાંચેલું બધું કામમાં આવતું નથી. આ દુનિયામાં જીવવા માટે અનુભવી થવું પડે. માત્ર ડાહી વાતો કરવાથી કશું મળતું નથી અને ભગવાનને બીજા કોઈ કામ છે નહિ કે આ ભિખારીને આપણા ત્યાં રોજ મોકલવાનું કામ કરે? આ મોટા મોટા ધાર્મિક પુસ્તકો વાંચી તું પણ ઉપદેશ આપવા માંડ્યો છે. હવે સાંઈઠ વર્ષની ઉંમરે મારે તારા ઉપદેશ સાંભળવાના જ બાકી રહ્યા છે.'' બાએ છણકો કરતા મને કહ્યું હતું.

હું પંદર વર્ષની ઉંમરે પણ એટલું સમજી નહોતો શક્યો કે એક રોટલી આપવાથી નુકસાન શું? હું મારા જીવનમાં એક વાત બહુ સરળતાથી સમજી શક્યો છું અને એ વાત એ છે કે આપણે માણસ થઈ બીજા કોઈ માણસને મદદરૂપ ના થઈ શકીએ તો માણસ હોવાનો આપણને કોઈ અધિકાર રહેતો નથી.

પંદર વર્ષની ઉંમરથી આજ દિન સુધી ભીખ માંગતા લોકો માટે લોકોની ધૃણા અને એમને જોઈ લોકોના મુખ પર આવતી અકળામણનું કારણ હજી પણ હું સમજી શક્યો નથી.

ભિખારીઓને જોઈને અકળાઈ જતાં લોકો માટે કદાચ એ ગરીબ ભિખારીઓ એમના ગત જન્મોના કારણે આ જન્મમાં એમને ભિખારી બનવું પડ્યું હશે. એવું પણ બની શકે કે ઘણાં લોકો કામ કરવાની વૃત્તિ ના ધરાવતા હોય એટલે પણ ભીખ માંગતા હોય. મારું એવું દૃઢપણે માનવું છે કે કારણ કોઈપણ હોય આપણે એ માંગનાર વ્યક્તિને આપવું છે કે નથી આપવું માત્ર એટલું જ નક્કી કરવું જોઈએ, નહિ કે એમને જોઈને ધૃણા કે અકળામણ કરવી જોઈએ.

મારા જિદ્દી અને પકડેલું નહીં છોડવાના સ્વભાવના કારણે મારા બા પછી એ વૃદ્ધ ભિખારીને રોટલી આપવાની બાબતે રોકટોક કરતા નહિ.

સવારે એ વૃદ્ધ કાકા "દયા ધરમ કી જય હો..." ની બૂમ પાડતા ત્યારે મારા બા મને હસીને ઘણીવાર કહેતા પણ ખરા.

"લે તારે મહાન બનવું છેને, તને મહાન બનાવનાર વૃદ્ધ ભિખારી રોટલી માટે આવી ગયો છે. હવે તું માણસ બનવાની તારી ફરજ નિભાવી ખુશ થઈ જા." બાએ કહ્યું હતું.

લગભગ ૧૯૯૫ સુધી જ્યાં સુધી હું જૂનું ઘર છોડીને નવા ઘરે રહેવા આવ્યો ત્યાં સુધી એ કાકા નિયમિતપણે આવતા રહ્યા હતાં.

આજે ૨૯ વર્ષ પછી પણ એ વૃદ્ધ ભિખારીનો ચહેરો, એનો અવાજ આજે પણ મને બરાબર યાદ છે.

મારા જીવનમાં બનેલી આ સત્ય ઘટના ઉપરથી હું એક સંશોધન ઉપર આવ્યો છું કે "દાન આપનાર કરતા દાન લેનાર એના પોતાના સ્વાભિમાનને મારીને કેટલીયે પીડા સાથે માંગવા માટે હાથ લાંબો કરતો હશે. એ તો દાન લેનારનું મન જ જાણતું હશે."

ઈશ્વરે આ ધરતી ઉપર બધાં માટે ક્યાંક ને ક્યાંક થોડું તો થોડું પણ ભોજન મળી રહે એનું નિર્માણ કર્યું છે. એ વાત પણ હું પંદર વર્ષની ઉંમરે સમજી શક્યો હતો.

મારી શું લેણદેણ એ વૃદ્ધ ભિખારી સાથે હશે એની તો મને ખબર નથી પણ મારા અને એ ભિખારી વચ્ચે કોઈક ઋણાનુબંધ હશે એવું હું ચોક્કસ માનું છું.



# ૐ શ્રી સૂર્યવિદન્ત્ય દેવ

સૂર્યવિદન્ત્યદેવ અને સુદત્ય યક્ષ બંન્ને જ્યારે એકબીજા સાથે વાત કરી રહ્યા હતા ત્યારે ભૃંગ નામક રાક્ષસ એમની વાતોને સાંભળી રહ્યો હતો, પરંતુ બંન્નેની વાતો વાદત ભાષામાં હોવાના કારણે એને કોઈ વાતચીત સમજાઈ ન હતી. પરંતુ એને શંકા પડી ગઈ હતી કે આ બંન્ને જણ મોક્ષલોકમાંથી તો ચોક્કસ નથી આવ્યા. પરંતુ એની આ વાત રાક્ષસલોકમાં કોઈ માનવા કે સાંભળવા તૈયાર નહિ થાય એવું પણ એ જાણતો હતો, માટે જ્યાં સુધી પુરતી માહિતી ના મળે ત્યાં સુધી ચૂપ રહેવાનો નિર્ણય એણે કર્યો.

ભૃંગ રાક્ષસ ભૂતકાળમાં ઈન્દ્રલોક ઉપર રાક્ષસસેના સાથે હુમલો કરી ચૂક્યો હતો, પરંતુ હજારો શક્તિશાળી રાક્ષસોને સૂર્યવિદન્ત્યદેવે અને ઈન્દ્રલોકના બીજા શક્તિશાળી દેવોએ બેભાન કરી અને પાતાળમાં ધરબી દીધા હતા. ભૃંગ રાક્ષસ પોતાને વરદાનમાં મળેલી શક્તિઓના સહારે યુદ્ધ મેદાનમાંથી ભાગીને રાક્ષસલોકમાં પરત આવવામાં સફળ તો બન્યો હતો પરંતુ યુદ્ધ ભૂમિમાંથી ભાગીને આવવાના કારણે રાક્ષસલોકમાં એની ઈજ્જત ઘટી ગઈ હતી અને એની શક્તિશાળી રાક્ષસની છાપ ભૂંસાઈ ચૂકી હતી. આ સાથે એક ડરપોક રાક્ષસ તરીકેની છાપ પણ એની બની ગઈ હતી. બસ, ત્યારથી જ એ સૂર્યવિદન્ત્યદેવનો દુશ્મન બનીને એમને પછાડવા માટે તત્પર રહેતો હતો. જે સૂર્યવિદન્ત્યદેવને પછાડવા એ રાત-દિવસ એક કરી રહ્યો હતો એ એની આંખ સામે મહેલમાં હતા એની કલ્પના પણ એનાથી થઈ શકે એમ ન હતી.

સૂર્યવિદન્ત્યદેવની ઊંઘ ઉડી ગઈ અને ખુલ્લી આંખે એ પથારીમાં પડ્યા રહ્યા. પથારીમાં વિચારતા-વિચારતા એક યોજનાએ એમના મગજમાં આકાર લીધો.

‘‘ઋતાંગ, તૈયાર થઈ જા. આપણે બંન્ને બગીચામાં જઈને બેસીએ અને રાક્ષસલોકના સુંદર મજાના ફૂલોની સુગંધ લઈએ.’’ સૂર્યવિદન્ત્યદેવે ઋતાંગ બનેલા સુદત્ય યક્ષને કહ્યું હતું.

સુદત્ય યક્ષે એમની સૂચના પ્રમાણે અમલ કર્યો અને મનમાં વિચારી રહ્યો હતો કે રાક્ષસસેના તલવારની જેમ માથે ઈન્દ્રલોકના માથા ઉપર લટકી રહી છે અને દેવ બગીચામાં ફૂલોની સુગંધ લેવાની વાત કરે છે. મનમાં આવું વિચારતો એ સૂર્યવિદન્ત્યદેવની પાછળ મહેલમાંથી બહાર આવેલા સુંદર ફૂલોના બગીચામાં બંન્ને જણ દાખલ થયા.

સૂર્યવિદન્ત્યદેવ ધીરે ચાલતા-ચાલતા સુદત્ય યક્ષને એમણે બનાવેલી આખી યોજના સમજાવી રહ્યા હતા. આખી યોજના સુદત્યને સમજાવ્યા બાદ એ એક ફૂલ પાસે આવીને ઊભા રહ્યા.

‘‘આ સુમંગા ફૂલ છે. આ ફૂલમાંથી ઉત્પન્ન થયેલી ઊર્જામાંથી ધરતી પર જન્મ લેનાર મનુષ્ય એના નાકના

માધ્યમથી સુગંધ ઓળખી શકે એના માટે આ ફૂલની ઊર્જા વાપરવામાં આવે છે. આ ફૂલની ઊર્જાની શક્તિ પૂર્ણ થાય ત્યારે એ મનુષ્યની જીવનલીલા સમાપ્ત થાય છે અને નવો દેહ ધારણ કરવા એની આત્મા અને ઓરા પરત ઈન્દ્રલોકમાં આવે છે.'' આટલું બોલી સૂર્યવિદન્ત્યદેવે એ છોડ પરથી દસ ફૂલો તોડી લીધા હતા.

''આપ બંન્નેને અહીંયા કોઈ તકલીફ તો નથીને?'' શુભામરાજે આવીને પૂછ્યું હતું.

''હા, બધું જ બરાબર છે પરંતુ અમારે આ ફૂલોનો રસ કાઢવા રલીકાવાદ(ખલ)ની જરૂર છે. જો આપને વાંધો ના હોય અને આપ આપી શકો તો અમને આનંદ થશે.'' સૂર્યવિદન્ત્યદેવે શુભામરાજને કહ્યું હતું.

''હા ચોક્કસ. હું હમણાં જ એની વ્યવસ્થા કરાવું છું. પણ આ રસનું તમે કરશો શું?'' થોડા વ્હેમ સાથે શુભામરાજે પૂછ્યું હતું.

''આ રસ રાક્ષસોની શક્તિને હજારોગણી વધારી શકે એટલી તાકાત ધરાવે છે. અમે તમારા અતિથિ બન્યા છીએ તો આ ફૂલોનો રસ કાઢીને અમે તમને ભેટ આપવા માંગીએ છીએ. દરેક રાક્ષસ માત્ર એક ટીંપુ ગ્રહણ કરે તો એની શક્તિ ૮૦૦ વર્ષ સુધી વધતી રહે છે.'' ભામિક બનેલા સૂર્યવિદન્ત્યદેવે શુભામરાજને સમજાવતા કહ્યું હતું.

''આટલા ઓછા ફૂલોમાંથી નીકળેલો રસ બહુ ઓછા રાક્ષસોને મળશે. આપ વધારે ફૂલોનો રસ કાઢી ના શકો?'' શુભામરાજે સૂર્યવિદન્ત્યદેવ તરફ જોઈને પૂછ્યું હતું.

''ના, અમે આનાથી વધારે ફૂલોનો રસ કાઢી ના શકીએ. અમારી શક્તિની એક મર્યાદા છે. તમે અમને રલીકાવાદ(ખલ)ની વ્યવસ્થા કરી આપો એટલે અમે અમારા કામે લાગી જઈએ.'' આટલું બોલી સૂર્યવિદન્ત્યદેવ મહેલ તરફ જવા લાગ્યા હતા.

સુદત્ય યક્ષ પણ એમની પાછળ મહેલમાં પ્રવેશ્યો હતો.

## ક્રમશઃ

આપ કોઈ વિકટ સમસ્યામાં ફસાયેલા હોય અને એમાંથી માર્ગ કાઢવા ઈચ્છતા હોય તો સૂર્યવિદન્યદેવનો નીચે આપેલો શ્લોક રોજ ૩ વખત કરવો. આ શ્લોક આપ સિદ્ધ કરવા માંગતા હોય તો છ મહિનામાં નવ હજાર વખત કરવો.

: શ્લોક :

**॥ ૐ સુલીતાની સુલીતાની વુરીકાની સૂર્યવિદન્ત્યદેવ,**
**ત્રજક્ચ ત્રજક્ચ વુરીકાની સૂર્યવિદન્ત્યદેવ ॥**

ઈન્દ્રલોકના દેવ સૂર્યવિદન્ત્યદેવની આ સત્ય કથા આપ સૌ વાચકમિત્રોને કેવી લાગી રહી છે એ જાણવા અમે આતુર છીએ માટે આપનો પ્રતિભાવ વોટ્સએપ અથવા પત્ર દ્વારા લખી મોકલશો.

## (મો) ૯૪૨૯૨૦૮૯૯૭

**લિ. ૐકાર સેવાદળ**

# પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં
## મહાશિવરાત્રીના પવિત્ર દિવસે યોજાયેલ
## ૐ શ્રી મહાશિવરાત્રિ કુંડલિની જાગરણ અને શિવોહમ્ સાધના













महा शिवरात्रि
મહાશિવરાત્રિ કુંડલિની
અને શિવોહમ સાધના

















# પરશુરામ જયંતી

## “ભગવાન પરશુરામ એટલે ન્યાયના દેવતા”

## ભગવાન શ્રી પરશુરામની કૃપા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

બ્રાહ્મણ જાતિના કુલગુરુ ભગવાન પરશુરામની જયંતી હિન્દુ પંચાગ અનુસાર વૈશાખ મહિનાની શુકલપક્ષની તૃતિયા એટલે કે ત્રીજનાં દિવસે મનાવવામાં આવે છે.પરશુરામ જયંતી ‘પરશુરામ દ્વાદશી’ તરીકે પણ ઓળખાય છે. ભગવાન પરશુરામ ઋષિ ઋચિકનાં પૌત્ર અને ભૃગુશ્રેષ્ઠ મહર્ષિ જમદગ્નિનાં પુત્ર છે. ભગવાન પરશુરામ મહાદેવ શિવનાં પરમ ભક્ત છે. મહાદેવ શિવજીએ જ પરશુરામજીને એક અમોઘ અસ્ત્ર - પરશુ પ્રદાન કરેલું. તેમનું વાસ્તવિક નામ રામ હતું પરંતુ એમના હાથમાં પરશુ ધારણ કરવાથી તે પરશુરામ તરીકે ખ્યાતિ પામ્યા. અક્ષયતૃતીયા એટલે કે અખાત્રીજ પણ આ જ દિવસે ઉજવાય છે.

ભગવાન પરશુરામનું તેજ અને શૌર્ય હતું કે તેમણે કાર્તવીર્ય સહસ્ત્રાર્જુનનો વધ કરીને અરાજકતાને સમાપ્ત કરી હતી તેમજ નૈતિકતા અને ન્યાયનો સાથ આપ્યો. ભગવાન વિષ્ણુએ પરશુરામના રૂપે જન્મ લીધો તેનું મુખ્ય ઉદેશ્ય ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ કરવાનું હતું. તેમની ગણના ભગવાન હનુમાન, અશ્વત્થામા, ઋષિ માર્કંડેય, મહર્ષિ વેદવ્યાસ, રાજા બલિ જેવા ચિરંજીવી અવતારોમાં થાય છે. ભગવાન પરશુરામ એક મહાન યોદ્ધા સાથે પરમ જ્ઞાની પણ હતા. ભગવાન વિષ્ણુના દસ અવતારોમાં છઠ્ઠો અવતાર એટલે ભગવાન પરશુરામ.



|| ૐ નમઃ ||

ભગવાન પરશુરામ શસ્ત્રવિદ્યાના મહાન ગુરુ હતા. તેમણે ભીષ્મ, દ્રોણ તેમજ કર્ણને શસ્ત્રવિદ્યા પ્રદાન કરેલી. તેમણે એકાદશ છંદયુક્ત ''શિવ પંચત્વારિંશનામ સ્તોત્ર'' પણ લખ્યો હતો. તેમને આરંભિક શિક્ષા મહર્ષિ વેદવ્યાસ તેમજ ઋચિકનાં આશ્રમમાં પ્રાપ્ત થવાની સાથે જ મહર્ષિ ઋચિકથી ''સારંગ'' નામે દિવ્ય એવું વૈષ્ણવ ધનુષ અને બ્રહ્મર્ષિ કશ્યપથી વિધીવત અવિનાશી વૈષ્ણવ મંત્ર પ્રાપ્ત થયો હતો. કૈલાસ પર્વતનાં ગિરીશ્રૃંગ પર સ્થિત ભગવાન શિવના આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત કરીને તેમણે ''વિદ્યુદભિ'' નામે પરશુ પ્રાપ્ત કરેલું. શિવજીથી તેમણે ત્રૈલોક્ય વિજય કવચ, સ્તવરાજ સ્તોત્ર તેમજ મંત્ર કલ્પતરુ પણ પ્રાપ્ત થયા. ભગવાન પરશુરામજી ભાર્ગવ ગોત્રનાં સૌથી આજ્ઞાકારી સંતાનોમાં એક હતા, જે હંમેશા તેમના માતા-પિતા અને ગુરુની આજ્ઞાનું પાલન કરતા.

પરશુરામ જયંતી ખૂબ જ ધામ-ધુમ સાથે ઉજવવામાં આવતી હોય છે. મત્સ્ય પુરાણ અનુસાર એવું કહેવાય છે કે આ દિવસે દાન-પુણ્ય કરવાથી તે કાયમ માટે અક્ષય રહે છે એટલે કે તે ધનનો ક્યારેય પણ ક્ષય થતો નથી. આમ, ભગવાન પરશુરામ એ ન્યાયના દેવતા તરીકે ઓળખાય છે જેમણે એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિય વિહીન કરેલી.

## ભગવાન શ્રી પરશુરામની કૃપા પ્રાપ્ત કરવા માટે

# ચમત્કારિક મંત્રસાધના



**: મંત્ર :**

**॥ ૐ પરશુરામ સિદ્ધિશક્તિ વરદાતા નમઃ ॥**

ઉપર આપેલ મંત્ર રોજ ૩(ત્રણ) વખત કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ સાધના પરશુરામ જયંતિના દિવસથી શરૂ કરીને કુલ ૨૭ દિવસ સુધી કરવી. આ ચમત્કારિક મંત્રસાધનાથી ભગવાન શ્રી પરશુરામની કૃપા આપને અવશ્ય પ્રાપ્ત થશે.

॥ ૐ નમઃ ॥



# નારદ જયંતિ

## નારાયણ ભક્તશ્રી નારદજી જેવી ભક્તિ પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

પુરાણો અનુસાર દર વર્ષે વૈશાખ મહિનાની પૂનમ પછીની તિથિના દિવસે દેવર્ષિ નારદ જયંતિ મનાવવામાં આવે છે. નારદજીને બ્રહ્મદેવના માનસપુત્ર માનવામાં આવે છે. બ્રહ્માજીના કંઠમાંથી તેમની ઉત્પત્તિ થઇ હતી. તેમને બ્રહ્માના સાત માનસપુત્રોમાંથી એક માનવામાં આવે છે. દેવર્ષિ નારદ દેવતાઓના ઋષિ છે, આ જ કારણે તેમને દેવર્ષિ નારદ કહેવામાં આવે છે. એ બ્રહ્મમુહુર્તમાં બધી જીવોની ગતિ જોતાં રહે છે. તેઓ અજર-અમર છે. દેવર્ષિ નારદ ધર્મનાં પ્રચાર તથા લોક કલ્યાણ હેતુ સર્વદા સર્વત્ર વિવરણ કર્યા જ કરે છે.

દેવર્ષિ નારદ શ્રુતિ-સમૃતિ, ઈતિહાસ, પુરાણ, વ્યાકરણ, વેદાંગ, સંગીત, ખગોળ-ભૂગોળ, જ્યોતિષ, યોગ આદિ અનેક શાસ્ત્રોમાં પારંગત છે. દેવર્ષિ નારદ આત્મજ્ઞાની, ત્રિકાલ જ્ઞાની, નૈષ્ઠિક બ્રહ્મચારી, વીણા દ્વારા નિરંતર પ્રભુ ભક્તિના પ્રચારક, ત્રિલોકી પર્યટક, ચારેય પુરૂષાર્થનાં જ્ઞાતા, વિનયશીલ, આનંદરત, પરમયોગી, તપસ્વી તરીકે ઈન્દ્રલોકમાં, વિષ્ણુલોકમાં, બ્રહ્મલોકમાં, રાક્ષસલોકમાં, અવતારલોકમાં તેમજ પૃથ્વીલોક પર સમયાંતરે ભ્રમણ કરતા જ રહે છે. સરળ ભાષામાં કહીએ તો સતત એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કરી અને અલગ અલગ લોકની વાત પોતાની જ્ઞાનચક્ષુથી અને જ્ઞાન શક્તિથી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડે છે.

કહેવાય છે કે કઠીન તપસ્યા પછી જ નારદજીને બ્રહ્માર્ષિ પદ પ્રાપ્ત થયું હતું. નારદજી ખૂબ જ જ્ઞાની છે, આ જ કારણે એ દૈત્ય હોય કે દેવી દેવતાઓ હોય એ બધાં જ વર્ગોમાં બેહદ આદર અને સત્કારને પાત્ર છે. પુરાણોમાં એવું લખવામાં આવ્યું છે કે રાજા પ્રજાપતિ દક્ષે નારદજીને શ્રાપ આપ્યો હતો કે એ બે મિનિટથી વધારે એક જગ્યાએ ક્યાંય રોકાઈ નહીં શકે!!! આ જ કારણ છે કે નારદજી વારંવાર યાત્રા કરતા રહે છે. કહેવાય છે કે ભગવાન રામ અને માતા સીતાના વિયોગનું કારણ નારદમુનિએ આપેલો શ્રાપ પણ કારણભૂત છે.

દેવર્ષિ નારદ વ્યાસ, વાલ્મિકી તથા મહાજ્ઞાની શુકદેવ આદિના ગુરુ હતાં. દેવર્ષિ નારદનાં અગણિત મહાન કાર્યો છે. જેવા કે ઈન્દ્રદેવને સમજાવીને ઉર્વશીનો પુરૂરવા સાથે પરિણય સૂત્ર કરાવ્યું, કંસને આકાશવાણીનો અર્થ સમજાવ્યો, વાલ્મિકીજીને રામાયણ લખવાની પ્રેરણા આપી, વ્યાસજી પાસે ભાગવતની રચના કરાવી, ભૃગુ કન્યા લક્ષ્મીનો વિવાહ ભગવાન વિષ્ણુ સાથે કરાવ્યો, પ્રહલાદ અને ધ્રુવને ઉપદેશ આપીને મહાન ભક્ત બનાવ્યા, ઈન્દ્ર-ચંદ્ર-વિષ્ણુ-શંકર-યુધિષ્ઠિર-રામ-કૃષ્ણ આદિને ઉપદેશ આપીને કર્તાવ્યાભિમુખ

કર્યા આવા કંઈક કેટલાય મહાન કાર્યો દેવર્ષિ નારદે કરેલાં છે. એમનું જીવન મંગલ માટે જ છે!!!

આ સાધના કરવાથી શું ફાયદા થાય? એના ફાયદા નીચે પ્રમાણે છે.

(૧) દેવર્ષિ નારદ જ્ઞાની છે.

(૨) એમની સાધના જે માતા-પિતા અથવા સંતાન કરે તો એમનું જ્ઞાનબળ અને સંતાનોનું વિદ્યાબળ ખૂબજ પ્રબળ બનશે.

(૩) વાત કરવાની ચાતુર્યતા આ સાધના કરવાથી આપને પ્રાપ્ત થશે કારણકે દેવર્ષિ નારદમુનિમાં વાતચાતુર્ય ખૂબ જ છે.

(૪) દેવર્ષિ નારદ બ્રહ્માંડના પ્રથમ સંગીતજ્ઞ છે, માટે એમની સાધના કરનાર સંગીતમાં રૂચિ દાખવનાર વ્યક્તિના સૂર, લય અને તાલ સમૃદ્ધ બને.

(૫) જે ભક્તો પોતાની ભક્તિની ક્ષમતા વધારવા ઈચ્છતા હોય એ ભક્તજનોની ભક્તિ ચાહે એ ધાર્મિક હોય કે આધ્યાત્મિક એ ખૂબ જ પ્રબળ બને, કારણકે દેવર્ષિ નારદ આઠે પ્રહર ભગવાન શ્રી હરિનાં જાપ કરવામાં અને શ્વાસે-શ્વાસે નારાયણ નારાયણ નું રટણ કરવામાં મગ્ન રહે છે.

(૬) દેવર્ષિ નારદ સતત ભ્રમણ કરતા રહે છે માટે જે લોકો પોતાના કાર્ય માટે જેને ટુરમાં જવું પડતું હોય છે એવા ભક્તજનોની ટુર પોતાના કાર્ય માટે સફળ થાય એવું આ સાધનાથી અચૂક બનશે.

(૭) ગર્ભવતી મહિલાઓ અને જેના સંતાનનો જન્મ થયે ૧૨ મહિના પણ ના થયા હોય એવી દરેક માતાઓએ આ સાધના અચૂક કરવી જોઈએ જેથી એમનું સંતાન જ્ઞાની અને બુદ્ધિશાળી બને.

**તારીખ : ૨૪-૫-૨૦૨૪ના રોજ દેવર્ષિ નારદ જયંતિ છે માટે એ દિવસથી દેવર્ષિ નારદની સાધના ઉપરના મુદ્દા જેને લાગુ પડતા હોય એ દરેક વ્યક્તિ કરી શકે છે.**

**દિવ્યમંત્ર : ॥ ૐ નારાયણ નારાયણ સર્વસિદ્ધા પ્રાગટ્ય નમઃ ॥**

**ઉપર આપેલ મંત્ર ૬ મહિનામાં ૨૧૦૦૦ વખત કરીને સિદ્ધ કરવો.**

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ વસ્ત્રમાં ચોખાના ત્રણ દાણા અને એક ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા વસ્ત્રમાં ચોખાના ત્રણ દાણા અને એક ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને મગના ચાર દાણા અને એક ચપટી હળદર વાદળી વસ્ત્રમાં બાંધી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન ગુલાબી વસ્ત્રમાં વાલના ત્રણ દાણા અને એક ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલના ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ કલરના વસ્ત્રમાં ઘઉંના ત્રણ દાણા અને એક ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ ઘઉંના ત્રણ દાણા અને એક ચપટી હળદર સફેદ કપડામાં મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.



॥ ૐ નમઃ ॥

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૪-૨૪ | રવિવાર | ૐ સૂર્યાતીકા |
| ૨૨-૦૪-૨૪ | સોમવાર | ૐ લક્ષ્મીતા |
| ૨૩-૦૪-૨૪ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૪-૦૪-૨૪ | બુધવાર | ૐ રાહુતાની |
| ૨૫-૦૪-૨૪ | ગુરુવાર | ૐ કેતુતાની |
| ૨૬-૦૪-૨૪ | શુક્રવાર | ૐ શનિતાની |
| ૨૭-૦૪-૨૪ | શનિવાર | ૐ સૂર્યતાની |
| ૨૮-૦૪-૨૪ | રવિવાર | ૐ શુક્રતાની |
| ૨૯-૦૪-૨૪ | સોમવાર | ૐ બુધતાની |
| ૩૦-૦૪-૨૪ | મંગળવાર | ૐ ચંદ્રતાની |
| ૦૧-૦૫-૨૪ | બુધવાર | ૐ ગુરુતાની |
| ૦૨-૦૫-૨૪ | ગુરુવાર | ૐ ધનત્યદેવી |
| ૦૩-૦૫-૨૪ | શુક્રવાર | ૐ કુબેરદેવ |
| ૦૪-૦૫-૨૪ | શનિવાર | ૐ સિદ્ધલક્ષ્મીદેવી |
| ૦૫-૦૫-૨૪ | રવિવાર | ૐ પ્રાગટ્યલક્ષ્મીદેવી |
| ૦૬-૦૫-૨૪ | સોમવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૭-૦૫-૨૪ | મંગળવાર | ૐ શ્રી શક્તિતા |
| ૦૮-૦૫-૨૪ | બુધવાર | ૐ સિદ્ધિતા |
| ૦૯-૦૫-૨૪ | ગુરુવાર | ૐ સર્વતાતી |
| ૧૦-૦૫-૨૪ | શુક્રવાર | ૐ રાજસ્વદેવ |
| ૧૧-૦૫-૨૪ | શનિવાર | ૐ રાદલ્યયક્ષ |
| ૧૨-૦૫-૨૪ | રવિવાર | ૐ સૂર્યરક્ષા |
| ૧૩-૦૫-૨૪ | સોમવાર | ૐ શુભિતાકી |
| ૧૪-૦૫-૨૪ | મંગળવાર | ૐ રક્ષત્યદેવ |
| ૧૫-૦૫-૨૪ | બુધવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૧૬-૦૫-૨૪ | ગુરુવાર | ૐ રાજલક્ષ્મીદેવી |
| ૧૭-૦૫-૨૪ | શુક્રવાર | ૐ ચંદ્રલક્ષ્મીદેવી |
| ૧૮-૦૫-૨૪ | શનિવાર | ૐ વિજયલક્ષ્મીદેવી |
| ૧૯-૦૫-૨૪ | રવિવાર | ૐ સિધ્ધત્વ |
| ૨૦-૦૫-૨૪ | સોમવાર | ૐ નમઃ |
| | | |
| | | |

## • સટીક પ્રયોગ •

### આપ આપના ઘરમાં આર્થિક ધનને સ્થિર રાખવા માંગો છો તો આપે નીચે આપેલો સટીક પ્રયોગ કરવો.

સૌપ્રથમ દર મંગળવારે કાળા કલરની માટલી લેવી. તેમાં પાણી ભરી દેવું ત્યારબાદ તેમાં તુલસીના ચાર પાન મુકવા અને ૐકાર ચાલીસાનો પાઠ રાત્રે ૯ થી ૧૧માં ઘરના કોઈપણ એક સભ્યએ કરવો. ત્યારબાદ માટલીનું પાણી ઝાડ-છોડમાં પધરાવી દેવું. પછી બીજા મંગળવારે એ જ માટલી લઈને પ્રક્રિયા કરવી. દર મંગળવારે નવી માટલી લેવાની નથી. આ પ્રક્રિયા ૮ મંગળવાર સુધી કરવી. ૮ મંગળવાર પતી જાય પછી માટલીને કોઈપણ ઝાડ નીચે મુકી દેવી અથવા નદીમાં વિસર્જન કરી દેવી. આ પ્રક્રિયાથી આપને ચોક્કસ ફાયદો જોવા મળશે અને ફાયદો જણાય તો તમે બીજા ૮ મંગળવાર પણ આ પ્રક્રિયા કરી શકો છો.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ



# સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.

# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી Financial Yearમાં આર્થિક પ્રગતિ થાય એ માટે

# ૐ શ્રી અષ્ટલક્ષ્મી મહાવિદ્યા ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ॥ ૐ श्री विरकलक्ष्मीः॥ | ॥ ૐ श्री त्रिरकलक्ष्मीः ॥ | ॥ૐ श्री किरकलक्ष्मीः॥ | ॥ ૐ श्री सिरकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री शुरिकलक्ष्मीः ॥ |
| ॥ ૐ श्री दुरीकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री भूमिकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री कुविकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री प्ररिकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री तुरीकलक्ष्मीः ॥ |
| ॥ ૐ श्री वृरीकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री नुरीकलक्ष्मीः ॥ |  | ॥ ૐ श्री कुबेरलक्ष्मीः ॥ | ॥ ૐ श्री झुरीकलक्ष्मीः ॥ |
| ॥ ૐ श्री बुरीतलक्ष्मीः ॥ | ॥ ૐ श्री चरीकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री आरीकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री धुरीकलक्ष्मीः ॥ | ॥ ૐ श्री नारीकलक्ष्मीः ॥ |
| ॥ૐ श्री रतीकलक्ष्मीः॥ | ॥ ૐ श्री धनलक्ष्मीः ॥ | ॥ ૐ श्री धनत्यानीः ॥ | ॥ ૐ श्री प्रवत्यानीः ॥ | ॥ ૐ श्री जवत्यानीः ॥ |

ઉપર આપેલ ૐ શ્રી અષ્ટલક્ષ્મી મહાવિદ્યા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. ત્યારબાદ ૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી રોજ ૨૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું. ચક્ર સામે નિરિક્ષણ (જોતી) કરતી વખતે આપની આર્થિક પ્રગતિ થાય તેવી મનોકામના કરવી.



॥ ૐ નમઃ ॥



# અક્ષયતૃતીયા

## અક્ષયતૃતીયા ૨૦૨૪ થી અક્ષયતૃતીયા ૨૦૨૫ સુધીમાં જમીન-સોનાચાંદી-મકાન-શેરબજારમાં આર્થિક પ્રગતિ માટે ચમત્કારિક મંત્રદર્શન

### મંત્ર : ॥ ૐ અક્ષામી લક્ષ્મીદેવી નમઃ ॥

### ૐ શ્રી અક્ષયતૃતીયા લક્ષ્મી ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ अक्षामीः ।। | ।। ॐ अवामीः ।। | ।। ॐ अरावीः ।। |
| ।। ॐ धनीताः ।। | ।। ॐ धनसिद्धाः ।। | ।। ॐ धनीकाः ।। |
| ।। ॐ त्रकलः ।। | ।। ॐ वकलः ।। | ।। ॐ सलकः ।। |

### ૐ શ્રી અક્ષયતૃતીયા કુબેર ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ कुबेराकीः ।। | ।। ॐ कुबेरातीः ।। | ।। ॐ कुबेरामीः ।। |
| ।। ॐ कुबेरामः ।। | ।। ॐ कुबेरातः ।। | ।। ॐ कुबेरत्रातः ।। |
| ।। ॐ त्रशमः ।। | ।। ॐ वशमः ।। | ।। ॐ धनकः ।। |

### ૐ શ્રી અક્ષયતૃતીયા સિદ્ધ ચક્ર





(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલ અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પ્રક્રિયા એક વર્ષ સુધી કરવી. મંત્રદર્શનનું આ ચક્ર આ એક વર્ષ દરમિયાન ખૂબ જ ઉપયોગી સાબિત થશે અને આગળ ભવિષ્યમાં પણ ઘણો ફાયદો થશે.

॥ ૐ નમઃ ॥

## શારીરિક પીડામાંથી મુક્તિ મળી

મારું નામ રૂપાલી છે. હું છેલ્લા બે વર્ષથી પગના દુઃખાવાથી ખૂબ જ પરેશાન રહેતી હતી. ડૉક્ટરના બતાવ્યા મુજબ બધાં જ રિપોર્ટો કરાવ્યા પરંતુ બધાં જ રિપોર્ટ નોર્મલ આવ્યા. પ.પૂ.ગુરુજીએ મારી ઓરા તપાસી અને કહ્યું કે તમને સુમાતીવા દોષ છે જેના કારણે તમારી ઓરા ડીસ્ટર્બ થાય છે અને એના કારણે તમને પગની તકલીફ થઈ રહી છે અને પાંચ મંત્રશક્તિપાત ત્રણ દિવસ આવીને લેવાનું કહ્યું.

આ મંત્રશક્તિપાત લેવાથી મારી ઓરામાં જે પ્રોબ્લેમ હતો એ દૂર થઈ ગયો છે એનો અહેસાસ મને ચોથા જ દિવસે દુઃખાવો મટી ગયો એના પરથી લાગ્યું. પ.પૂ. ગુરુજીના દિવ્ય મંત્રશક્તિપાતથી આજે હું મારી પગની શારીરિક પીડામાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ ગઈ. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. રૂપાલી (અમદાવાદ)

**આપ પણ આવી કોઇ પીડાથી ઘેરાયેલા હોય તો યુ-ટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ પર દર પૂનમે આપવામાં આવતો શારીરિક અને માનસિક કષ્ટનિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત સાંભળવો.**

## ૐ નમઃ ના મંત્રથી સફળતા મળી

પરમ પૂજ્ય ગુરુજીના આદેશ અનુસાર મારા જીવનમાં આર્થિક સમૃદ્ધિ થાય અને ૐ નમઃ ના મંત્રનું સુમિરન કરી શકું એ માટે ૐ નમઃ ની રોજ એક માળા રાત્રે ૯ થી ૧૧ માં કરવાનું મેં શરૂ કર્યું. માળા પૂર્ણ થયા બાદ હું ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરતો હતો. સાચું કહું તો મન શાંત રહે એ હેતુથી જ મેં ૐ નમઃ ની માળા અને ૐકાર ચાલીસાનો પાઠ કરવાનું શરૂ કર્યું હતું.

મંત્ર કર્યાના બીજા જ મહિનાથી ધંધામાં મને આર્થિક સફળતા મળવાની શરૂ થઈ અને મનની શાંતિ થવાની સાથે-સાથે ૐ નમઃ નું ધ્યાન પણ સરસ થવા લાગ્યું. સદ્ગુરુ ૐઋષિ સ્વામીના ચરણોમાં દંડવત પ્રણામ...

લી. સુજલ પટેલ, બરોડા

**આપ પણ આવી દિવ્ય અનુભૂતિ કરવા ઇચ્છતા હોય તો ૐ નમઃ ના મંત્રની રોજ એક માળા કરવી અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.**

## ૐકાર ચાલીસાના પાઠથી ચમત્કાર થયો

અમારું આખું કુટુંબ એક મોટી મુસીબતમાં ફસાઈ ગયું હતું. મુસીબત એટલી મોટી હતી કે જેની કલ્પના પણ ના થઈ શકે. અમે ગુરુજીના શરણમાં ગયા. સંપૂર્ણપણે અશક્ય લાગતી વાત માટે ગુરુજીએ અમને એક સમાધાન આપ્યું અને સાથે-સાથે રાત્રે ૯ થી ૧૧ માં કરવા માટે એક દિવ્ય મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ પૂરી શ્રદ્ધા સાથે કરવાની સૂચના આપી.

ગુરુજીના કક્ષમાંથી બહાર નીકળ્યા બાદ મારા પતિએ મને કહ્યું કે ‘‘આ મંત્ર અને ચાલીસાથી આટલો મોટો પ્રશ્ન થોડી સમાધાન થશે. ગુરુજી આશ્વાસન આપે છે. કંઈ થવાનું નથી.’’ મેં કહ્યું ‘‘આપણી પાસે આ છેલ્લો રસ્તો છે. ગુરુજીની વાણી પરથી મને વિશ્વાસ બેસી ગયો છે કે આપણા આ યક્ષપ્રશ્નનું ગુરુજીથી જ નિવારણ થશે.’’

હું અને મારા પતિ મન મક્કમ કરીને રોજ રાત્રે મંત્ર અને ૐકાર ચાલીસા કરવા લાગ્યા. જે દિવસથી મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ શરૂ કર્યો એના અઠવાડિયામાં જ અમારી ફેવરમાં પરિણામ આવવાનું શરૂ થઈ ગયું. જે પ્રશ્નનો રસ્તો દેખાતો ન હતો અને આત્મહત્યા સુનિશ્ચિત હતી એવી પરિસ્થિતિમાંથી લગભગ બે મહિનામાં તો ગુરુજીએ અમને બહાર કાઢી નાંખ્યા. હું માફી માંગુ છું કે અમારા જીવનમાં બનેલી ઘટના હું લખી નથી શકતી. અમારો પ્રશ્ન કહી શકાય એમ નથી પરંતુ અમારા પ્રશ્નનું સમાધાન ગુરુજી મંત્ર અને ૐકાર ચાલીસાના માધ્યમથી લાવ્યા એ વાત અમારા આખા પરિવાર માટે ચમત્કાર જ છે. પરમ પૂજ્ય ગુરુજીને હું અને મારા પતિ તો ગુરુજીને ઈશ્વરનું સ્વરૂપ જ માનીએ છીએ. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ સાષ્ટાંગ દંડવત પ્રણામ...

લી. સુજાતા પટેલ (બારડોલી)

**આપ પણ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ૐઋષિ રચિત ૐકાર ચાલીસા, શ્રી નવદુર્ગા ચાલીસા, ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસા અને શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનો પાઠ રોજ પૂરી મન અને શ્રદ્ધાથી અવશ્ય કરો.**

## બેંકમાં લોન થઇ ગઇ

હું છેલ્લા એક વર્ષથી ધંધામાં લોન મળે એ માટે બેંકમાં પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ દરેક બેંકો લોન આપવાની ના પાડી રહી હતી. એની પાછળ મારી બેલેન્સ શીટના ટેકનિકલ કારણો પણ જવાબદાર હતા. મારો મિત્ર સંજય ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ મને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ માટે લઈ ગયો. પરમ પૂજ્ય ગુરુજીએ મને ૐકાર ચાલીસા કરવાની સૂચના આપી અને સાત પૂનમ ભરવા માટે કહ્યું.

હમણાં જ ૨૪ માર્ચ, ૨૦૨૪ ના રોજ મારી બીજી પૂનમ હતી અને ૨૭મી માર્ચ, ૨૦૨૪ના રોજ મારી લોન પાસ થઇ ગઇ. ૐકાર ચાલીસાનું પઠન અને બીજી જ પૂનમ ભર્યાથી મને ગુરુજીના ચમત્કારનો પરચો મળ્યો. એક વર્ષથી જે કામ અશક્ય બનીને પડ્યું રહ્યું હતું એ કાર્ય ચમત્કારિક રીતે પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી પરિપૂર્ણ થયું. "ૐઋષિ નામ જહાજ" એ વાત મારા જીવનમાં સત્યાર્થ પુરવાર થઇ. ગુરૂજીનાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામ...

લી. સુરીંદરસિંહ લોઢી (લુધિયાણા)

**આપ પણ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ૐકાર ચાલીસાનો પાઠ નિત્ય કરવો અને ગુરુજીની સાત પૂનમ અવશ્ય ભરવી.**

## સૂર્યવિદન્ત્યદેવનો મંત્ર ફળ્યો

છેલ્લા ૭ મહિનાથી અમારા સરકારી કામમાં એક માણસ અમને ખોટી રીતે ખૂબ જ હેરાન કરી રહ્યો હતો. એ અમને અમારા કામમાં ખોટી રીતે હેરાનગતિ કરવાનો પ્રયત્ન કરતો હતો અને ધાકધમકીથી પૈસા પડાવવાનો પ્રયત્ન પણ કરતો હતો.

પરમ પૂજ્ય ગુરુજીની યુ-ટ્યુબ ચેનલ સદ્‌ગુરુ ૐઋષિ ઉપરથી ૧૧૭૩ નંબરનો સૂર્યવિદન્ત્યદેવનો શ્લોક અમે બંન્ને ભાઈઓએ શરૂ કર્યો. શ્લોક અમે અખંડ ૯૦ દિવસ સુધી કર્યો અને એનો અમને ચમત્કારિક ફાયદો મળ્યો. જે વ્યક્તિ અમને ખોટી રીતે હેરાન કરતો હતો એ વ્યક્તિને ભ્રષ્ટાચારના આરોપમાં નોકરીમાંથી સસ્પેન્ડ કર્યો. અમારા જીવનનો સૌથી મોટો કાંટો જે અમને ખોટી રીતે હેરાન કરીને અમારી પાસેથી પૈસા પડાવતો હતો એમાંથી અમને મુક્તિ મળી. સૂર્યવિદન્ત્યદેવનો આ શ્લોક અમને ચમત્કારિક રીતે ફળદાયી બન્યો. અમે અમારા આ કષ્ટના કારણે ગુરુજી દ્વારા સ્થાપિત ૐકારધામ તીર્થ, પાનવા પણ દર્શન કરી આવ્યા. જેના પણ આશીર્વાદ અમને સાથે મળ્યા હોય એવું અમને લાગે છે. સૂર્યવિદન્ત્યદેવ અને ગુરુજીના આશીર્વાદની અમીવર્ષા અમારા ઉપર સતત રહે એવી પ્રાર્થના સાથે ૐ નમઃ ....

લી. પંકજભાઇ (મુંબઇ)

**આપ આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો યુ-ટ્યુબ પર સદ્‌ગુરુ ૐઋષિ ચેનલ પર સૂર્યવિદન્ત્યદેવના શ્લોક આપેલા છે જે અવશ્ય કરો અને સાથે-સાથે ગુરુજી દ્વારા સ્થાપિત ૐકારધામ તીર્થ, પાનવા શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે અવશ્ય જાઓ.**

## જાહેર આમંત્રણ



શ્રી ક્ષેત્રપાળ દાદા




ૐકાર શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાન

### ચાલો ૐકારધામ તીર્થની ધન્ય ધરા ઉપર

### ૐકારધામ તીર્થની દસમી સાલગીરી

### નિમિત્તે

# ધજા મહોત્સવ



ૐકારધામ તીર્થની દસમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવના ભવ્ય કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ ભક્તજનો ને આ ધજા મહોત્સવ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યુ આમંત્રણ છે.

**શુભ તારીખ**

૪-૬-૨૦૨૪,મંગળવાર વૈશાખ વદ-૧૩

**નવકારશી (સવારનો નાસ્તો)**

સવારે ૭ થી ૮ કલાક સુધી

**ધજા મહોત્સવનો સમય**

સવારે ૮ થી ૧૧ કલાક સુધી

**મહાપ્રસાદ (બપોરનું ભોજન)**

સવારે ૧૧ થી
બપોરે ૧૨-૩૦ કલાક સુધી

**શુભ સ્થળ**

## ૐકારધામ તીર્થ,

વિરમગામ-શંખેશ્વર હાઇવે, પાનવા ગામની બાજુમાં, પાનવા, શંખેશ્વર

9537220959

॥ ૐ નમઃ ॥

## જાહેર આમંત્રણ

**આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્તિ પામવા**

**"દર્શન માત્ર સે મિટે કષ્ટ"**

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ૐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)



ૐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ :** ૨૩ એપ્રિલ, ૨૦૨૪ - મંગળવાર
**શુભ સમય :** સવારે ૧૦ થી બપોરે ૧ કલાક સુધી
**શુભ સ્થળ :** **અન્નપૂર્ણા હોલ,** આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**